*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC 27

## Forest Report, 2019




ચર્ચામાં શા માટે ?

રિપોર્ટ વિશે :-

ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-27નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

# ચર્ચામાં શા માટે ?

- 30 ડિસેમ્બર, 2019 ના રોજ કેન્દ્રીય પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રીશ્રી પ્રકાશ જાવડેકર દ્વારા, 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ, 2019' જાહેર કરવામાં આવ્યોં છે.
- 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ' એ દર બે વર્ષે પ્રસિદ્ધ થતો રિપોર્ટ છે. આ રિપોર્ટમાં વન ક્ષેત્ર, વૃક્ષ આચ્છાદન, વનની બહાર કરવામાં આવેલ વનીકરણ, વનમાં રહેલ વનસ્પતિની ઘનતા વગેરે વિશેની વ્યાપક માહિતી આપવામાં આવે છે.

## રિપોર્ટ વિશે :-

- આ રિપોર્ટ 'ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા' દ્વારા જાહેર કરવામાં આવે છે.
- આ રિપોર્ટ સૌપ્રથમ 1987માં જાહેર થયો હતો. વર્ષ 2019નો આ રિપોર્ટ એ 16મી આવૃત્તિ છે.
- વર્ષ 2019ના રિપોર્ટ મુજબ, ભારતનું કુલ વન આવરણ 7,12,249 કિલોમીટર સ્કવેર છે, જે દેશના કુલ જમીન ભાગના 21.67% જેટલો વિસ્તાર છે.
- ભારતનું વૃક્ષ-આવરણ 95,027 કિલોમીટર સ્કવેર છે, જે દેશના કુલ જમીન ભાગના 2.89% છે.
- આમ, કુલ વન આવરણ અને કુલ વૃક્ષ-આવરણ 8,07,276 કિલોમીટર સ્કવેર છે, જે દેશનાં કુલ જમીન ભાગના 24.56% જેટલો વિસ્તાર છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2017ના રિપોર્ટ કરતાં વન આવરણમાં 3976 કિલોમીટર સ્કવેર અને વૃક્ષ આવરણમાં 1212 કિલોમીટર સ્કવેરનો વધારો થયો છે. આથી વન આવરણ અને વૃક્ષ-આવરણમાં થયેલો કુલ વધારો 5,188 કિલોમીટર સ્કવેર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સૌથી વધુ વન આવરણમાં વધારો કરનાર 5 રાજ્યોમાં ...

| | |
|---|---|
| કર્ણાટક | - 1025 $km^2$ |
| આંધ્રપ્રદેશ | - 990 $km^2$ |
| કેરળ | - 823 $km^2$ |
| જમ્મુ અને કાશ્મીર | - 371 $km^2$ તથા |
| હિમાચલ પ્રદેશ | - 334 $km^2$ નો સમાવેશ થાય છે. |

- વૃક્ષ આવરણમાં સૌથી વધુ વધારો કરનાર રાજ્ય મહારાષ્ટ્ર છે.
- ભારતના પૂર્વોત્તર વિસ્તારનું વન આવરણ 1,70,541 કિલોમીટર સ્કવેર છે. જે આ ક્ષેત્રનો 65.05% જેટલો વિસ્તાર છે.
- પૂર્વોત્તર વિસ્તારમાં 765 કિલોમીટર સ્કવેર જેટલાં વનઆવરણનો ઘટાડો નોંધાયો છે. આસામ અને ત્રિપુરાને બાદ કરતાં પૂર્વોત્તરના રાજ્યનો વન આવરણમાં ઘટાડો થયો છે.
- દેશના મેન્ગ્રુવ વિસ્તારમાં 54 કિલોમીટર સ્કવેરનો વધારો થયો છે.

## ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા :-

- ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા એ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ કાર્ય કરતી સંસ્થા છે.
- આ સંસ્થાની સ્થાપના જૂન, 1981માં કરવામાં આવી હતી. તેનું વડું મથક ઉત્તરાખંડના દેહરાદુનમાં આવેલું છે.
- આ સંસ્થા વન આધારિત સર્વેક્ષણ, અભ્યાસ અને સંશોધન કાર્ય કરે છે. તે જમીન અને વન સંસાધનોની બદલાતી પરિસ્થિતિની દેખરેખ રાખે છે તથા રાષ્ટ્રીય આયોજન, વન સંરક્ષણ તથા પર્યાવરણ સુરક્ષા માટેની માહિતીઓ પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT